અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓમાં ઉદ્યોગ સાહસિકતા કારકીર્દી વિકસાવવા તથા ઉદ્યોગ સાહસિકતા અંગે કૌશલ્ય નિર્માણ કરી રોજગારી આપવા તાલીમ વર્ગો શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૮/૭૩૨૧૪૩/ગ,
તા. ૨૫/૧/૨૦૧૯.

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨૪/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૮-૧૯/૬૭૭૭. તેમજ તેની સાથે મોકલેલ ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (EDII), ભાટ, તા- જિ, ગાંધીનગરની મળેલ રજુઆત/ દરખાસ્ત.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮/૪/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક: અજક/૧૦૨૦૧૦/ન.બા.૧૯/ગ.

ઠરાવ:-

અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપી ઉમેદવારોને રોજગારી આપી આર્થિક રીતે પગભર કરી શકાય તે હેતુથી અને નોકરી મેળવી શકે તે હેતુથી આધુનિક યુગમાં ઉભા થતા નવા ક્ષેત્રો જેવા કે ઓટોમોબાઇલ, બાંધકામ, માહિતી અને પ્રોદ્યોગિકિ (આઇ.ટી).બી.પી.ઓ, રીટેઇલ મેનેજમેન્ટ, કૃષિ અને અન્ય વ્યવસાયો માટે અનુસૂચિત જાતિના ઉમેદવારોને હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપવાની યોજના અમલમાં છે. અનુસૂચિત જાતિના બાળકોને હાઇસ્કીલ ટ્રેનિંગ આપવાની યોજના અંતર્ગત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા ઇ- ટેન્ડરીંગ પધ્ધતિથી એજન્સીઓ નિયત કરવામાં આવેલ હતી. તેમજ નિયત કરેલ એજન્સીઓ દ્વારા કામગીરી ચાલુ કરવામાં આવેલ હતી. પરંતુ સંજોગોવશાત સદરહું કામગીરી મોકૂફ

રાખવામાં આવેલ. પરંતુ અનુસૂચિત જાતિના ઉમેદવારો/તાલીમાર્થીઓનું હિત જોતા આ યોજનાની અમલવારી રાખવાની જરૂરિયાત જણાયેલ હતી,

ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (EDII), ભાટ, તા- જિ, ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિના યુવક/યુવતીઓમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટે નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્રથી દરખાસ્ત અત્રે મળેલ છે. સદરહું સંસ્થા ભારત સરકારની સંસ્થા છે તથા સંસ્થાની દરખાસ્તની વિગતો જોંતા સરકારી ગાઇડલાઇન્સ મુજબ કામ કરતી સંસ્થા છે. આથી આ યોજનાની કામગીરી ઉક્ત સંસ્થાને સોંપવાની રજુઆત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત સંસ્થાને સદર યોજનાની કામગીરી નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપીએ.

(૧) તમામ તાલીમાર્થીઓનું રજીસ્ટ્રેશન આધાર કાર્ડ સાથે લિંક કરવાનું રહેશે જેના કારણે તાલીમાર્થીઓની ઓળખ પ્રસ્થાપિત થઇ શકે.

(૨) તાલીમ વર્ગોમાં C.C.T.V કેમેરાથી તાલીમાર્થીઓનું મોનીટરીંગ રાખવાનું રહેશે. તથા તેનો રેકર્ડ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ખાતે રાખવાનો રહેશે.

(૩) સંસ્થા દ્વારા યોજાનાર તમામ તાલીમ વર્ગોમાં તાલીમ લેતાં વિદ્યાર્થીઓનું રજીસ્ટર રાખવાનું રહેશે, તેમજ વિદ્યાર્થીઓનું રોજ બરોજની બાયોમેટ્રીક પધ્ધતિથી હાજરી પૂરવાની રહેશ. અને તેની વિગતો/રેકર્ડ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી ખાતે રાખવાની રહેશે.

(૪) જે જિલ્લામાં તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યુ હોય તેનું ક્રોસ ચેકિંગ /આકસ્મિક મુલાકાત બીજા જિલ્લાના નાયબ, નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા કરવાનું રહેશે.

(૫) તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થયા બાદ તેઓને મળેલ રોજગારી/નોકરીની વિગતો પુરાવા સહ રજુ કરવાના રહેશે.

(૬) સંસ્થાએ તાલીમ અંગે રાજ્ય સરકારની તાલીમ અંગેની પ્રવર્તમાન નીતિનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

(૭) EDII સંસ્થાએ તાલીમાર્થીઓને તાલીમ લીધા બાદ સરળતાથી સ્વરોજગારી ઉપલબ્ધ થઇ શકે તે મુજબની તાલીમની ગુણવત્તા રાખવાની રહેશે.

(૮) તાલીમાર્થીએ અન્ય જગ્યાએ આ પ્રકારની તાલીમ અથવા હાઇસ્કીલ તાલીમને લગતી તાલીમ લીધેલ ન હોય તેની સંસ્થાએ લાભાર્થીની બાંહેધરી મેળવી ચકાસણી કરવાની રહેશે.

(૯) ઉક્ત તાલીમ વર્ગોમાં કૂલ ૯૦૦ તાલીમાર્થીઓને સંસ્થાએ કરેલ દરખાસ્ત મુજબ તાલીમ આપવાની રહેશે. અને તે માટે રૂ.૫૫૦.૦૦ લાખ(અંકે રુપિયા પાંચસો પચાસ લાખ પુરા) ની અનુમતિ હાલમાં SCW-11 "સંત શિરોમણી રવિદાસ હાઇ-સ્કીલ તાલીમ યોજના"માંથી ચાલુ વર્ષની બજેટ જોગવાઇમાંથી તાલીમ ખર્ચ કરવાનો રહેશે.

(૯) ઉક્ત શરતો ઉપરાંત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨) તેમજ આ યોજના અંતર્ગત વખતો વખત કરવામાં આવેલ સુધારાઓની જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૧૮/૧/૨૦૧૯ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એસ.ગઢવી),
સંયુક્ત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

(૧) નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની કચેરી, બ્લોક નં ૪, ૨જો માળ, ડૉ જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.

(૨) ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા (EDII), ભાટ, તા- જિ, ગાંધીનગર

**નકલ રવાના:**

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી , સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) નિવાસે ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) [illegible] અધિકારીશ્રી (કો.સેલ) શાખા, સા.ન્યાય અને અધિ વિભાગ, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૬) તમામ જિલ્લા નાયબ નિયામકશ્રીની કચેરી (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં ૪, ૨જો માળ, ડૉ જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.

(૭) સેક્શન અધિકારીશ્રી, અ-૧ ,બ, ૯ , જ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેક્ટ ફાઇલ